[34] No. of printed page: 1

**SARDAR PATEL UNIVERSITY**
**BA I Semester Examination**
**Monday, 25 November 2013**
**10.30 - 1.30 am**
**UA01CGLT01 - Gujarati Literature (Old Course) Paper - I**
**પ્રશષ્ટિ ગુજરાતી કાવ્યઝલક ખંડ-૧**

**કુલ ગુણઃ ૭૦**

નોંધઃ જમણી બાજુ દર્શાવેલા આંકડા પ્રશ્નના ગુણ સૂચવે છે.

પ્ર.૧ પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. **(કોઈપણ ત્રણ)** (૧૫)

(૧) 'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે.'
(૨) 'ગ્રંથ ગરબડ કરી, વાત નવ કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે.'
(૩) 'ભગત દેખી રાજી હુઇ, જગત દેખી રોઈ.'
(૪) 'તારે બીજા વરનું કામ શું છે ? હું વર, તું વહુ ધન !'
(૫) 'દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો, મન કહે જે પલક ના નિભાવું !'
(૬) 'ઉંબરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ.'

પ્ર.૨ પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક ખંડ-૧નાં અભ્યાસનિયત નરસિંહ મહેતાનાં કાવ્યોની રસલક્ષી સમીક્ષા કરો. (૨૦)

**અથવા**

પ્ર.૨ નીચેના કાવ્યોનું રસદર્શન કરાવો.

(૧) 'મેંરે તો ગિરધર ગોપાલ'
(૨) 'ઝઘડો લોચનમનનો'

પ્ર.૩ પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક ખંડ-૧નાં અભ્યાસનિયત મીરાંનાં પદોને આધારે મીરાંબાઇની પ્રેમલક્ષણા ભક્તિનું મૂલ્યાંકન કરો. (૨૦)

**અથવા**

પ્ર.૩ નીચેના વિશે નોંધ લખો.

(૧) 'સુદામાચરિત્ર' કડવું-૧૦માં આલેખાયેલ સંસ્મરણો.
(૨) 'અભિનવો આનંદ'માં અખાનું તત્ત્વજ્ઞાન.

પ્ર.૪ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો **(કોઈપણ ત્રણ)** (૧૫)

(૧) 'જળકમળ છાંડી જા રે, બાળા !'માં નાગણો કૃષ્ણને પાછા વળી જવા કયું પ્રલોભન આપે છે ? શા માટે ?
(૨) 'ઘડપણ કોણે મોકલ્યું ?'માં કવિ ઘડપણને અભિશાપરૂપ કેમ ગણાવે છે ?
(૩) 'મુખડાની માયા લાગી રે'માં મીરાંબાઇ સંસારી સુખને કેવું ગણાવે છે ? શા માટે ?
(૪) 'મુજને અડશો મા !' કાવ્યમાં રાધા કૃષ્ણને પોતાને અડવાની શા માટે ના પાડે છે ?
(૫) 'શ્યામ રંગ'માં રાધા શા માટે શ્યામ રંગની વસ્તુથી દૂર જવાનો નિર્ણય કરે છે ?
(૬) 'વૈષ્ણવજન'માં કવિએ વર્ણવેલા વૈષ્ણવજનના લક્ષણો જણાવો.

@@@